# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિતઃ માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા –**ધાર્મિક શિક્ષણ બોર્ડ** આયોજિત

વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૧૦–૦૧–૨૦૧૬ • સમયઃ સવારે ૯ થી ૧૨ • શ્રેણી : **૮** • ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 8**


**પ્ર. : ૧. સૂત્ર વિભાગ : સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો :**

**(ક) પાઠની પૂર્તિ કારો – કોઈ પણ બે :**

જ. (૧) ખમણિજ્જો <u>ભે કિલામો અપ્પકિલંતાણં બહુસુભેણં ભે દિવસો વઈક્કંતો જત્તાભે</u> જવણિજ્જં.

જ. (૨) પિયં મણુન્નં મણામં ધિજ્જં વિસાસિયં સમયં અણુમયં બહુમયં.

જ. (૩) સચ્ચં .<u>અણુત્તરં કેવલિયં પડિપુન્ન નેઆઉયં સંસુધ્ધં સલ્લકત્તણં</u> સિધ્ધિમગ્ગં.

**(ખ) ગુજરાતી અર્થના માગધી શબ્દો લખો :**

(૧) આજ્ઞા ૨) નિવર્તવાના ૩) સમતારૂપ સામાયિક વિશે ૪) ક્ષમા કરજો

જવાબ : (ખ) (૧) આજ્ઞા = અબ્ભણુણ્ણાએ (૨) નિવર્તવાના = વેરમણં (૩) સમતારૂપ સામાયિક વિશે = સામાઈએ, (૪) ક્ષમા કરજો = ખમણિજ્જો

**(ગ) શબ્દોના ગુજરાતી અર્થ લખો :**

જવાબ :
(૧) ચિન્તવનાર્થ = ચિંતન કરવાનો માટે
(૨) અસાવગ = શ્રાવકને નહીં કરવા યોગ્ય
(૩) પ્રકાર = વિહસ્સ
(૪) નિસીહિ = અશુભ - પાપ ક્રિયાને રોકીને
(૫) ખામેમિ = ક્ષમા માગું છું
(૬) સમણોવાસએણં = શ્રમણો પાસક શ્રાવકને
(૭) ખમાસમણાણં = ક્ષમાવંત સાધુજીઓની
(૮) સેવણા = સેવા કરવી - ઉપાસના કરવી.

**(ઘ) પ્રશ્નોના ઉત્તર લખો :**

(૧) ત્રસની જીવાયોની વિસ્તારથી લખો.

જવાબ : (ઘ) (૧) ત્રસની જીવાયોની - ૨ લાખ બેઈન્દ્રિય + ૨ લાખ તેઈન્દ્રિય + ૨ લાખ ચૌરેન્દ્રિ + ૪ લાખ નારકી +૪ લાખ તિર્યંચ પંચેન્દ્રિય + ૪ દેવતા+૧૪ લાખ મનુષ્ય તેમ કુલ ૩૨ લાખ ત્રસની જીવયોની.

(૨) અરિહંતના ગુણ કેટલા છે ? ક્યા ક્યા ?

જ. (૨) અરિહંતના ગુણ ૧૨ છે : ૧) અનંત જ્ઞાન ૨) અનંત દર્શન ૩) અનંત ચારિત્ર ૪) અનંત તપ ૫) અનંત બળ વીર્ય ૬) ક્ષાયક-સમકિત ૭) વજ્રઋષભ નારાચ સંઘયણ ૮) સમ ચતુરંસ્ર સંસ્થાન ૯) ચોત્રીસ અતિશય ૧૦) પાંત્રીસ ગુણ વાણીના ૧૧) એક હજાર આઠ ઉત્તમ લક્ષણ ૧૨) ચોસઠ ઈન્દ્રોના પૂજનીય.

(૩) ૧૨૪ દોષ ટાળીને પ્રતિક્રમણ કરવાનું છે તે દોષ કયા ?

જ. (૩) પ્રતિક્રમણના ૧૨૪ દોષ : ૯૯ અતિચારમાંથી જ્ઞાનના ૧૪ છોડી ૮૫ અતિચાર લાગ્યા હોય તે + જ્ઞાનાચાર ૮ + દર્શનાચારના ૮ + ચારિત્રાચારના ૮ + તપાચાર -૧૨ + વીર્યાચારના ૩ એ ૩૯ બોલની આરાધના ન કરી હોય એમ કુલ ૮૫+૮+૮+૮+૧૨+૩ = ૧૨૪.

(૪) સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવો શ્રાવક કેવી રીતે બની શકે ?

જ. (૪) જાતિ સ્મરણ જ્ઞાન દ્વારા, અવધિજ્ઞાન દ્વારા, એકબીજાને બોધ આપવાથી કે મનુષ્ય ક્ષેત્રમાં તીર્થંકરની વાણી સાંભળીને તિર્યંચ શ્રાવક બને.

મન વિનાના જીવોના ભાવને પણ જાણે છે તેથી ઘટઘટની વાત જાણે છે, તેમ કહ્યું છે.

(૫) સિદ્ધશીલા ૪૫ લાખ યોજનની શા માટે ?

જ. (૫) મોક્ષમાં માત્ર મનુષ્ય જ જાય છે. મનુષ્યને રહેવાનું ક્ષેત્ર અઢી દ્વીપ છે અને તે ક્ષેત્ર ૪૫ લાખ યોજનનું છે. માટે સિદ્ધશિલા પણ અઢી દ્વીપની બરાબર ઉપર એટલા જ માપની છે. ૪૫ લાખ યોજનના મનુષ્ય ક્ષેત્રમાંથી જે મનુષ્ય સિદ્ધ થાય છે તે ત્યાંથી સમશ્રેણીએ ઋજુગતિથી લોકાગ્રે જાય છે. માટે, મનુષ્ય ક્ષેત્ર, સિદ્ધશિલા અને તેની ઉપર સિદ્ધક્ષેત્ર બધું જ ૪૫ લાખ યોજનનું છે.

(૬) ગણધર કોને કહેવાય ? તેઓ હાલમાં ક્યાં બિરાજે છે ?

જ. (૬) તીર્થંકરના મુખ્ય દ્વાદશાંગી (બાર અંગસૂત્ર) રચનારા શિષ્યોને ગણધર કહે છે. ગણ એટલે સમૂહ ધર એટલે ધારક. ઘણા શિષ્ય સમૂહના ધારકને ગણધર કહે છે. તેઓ હાલ માત્ર મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. ભરત, ઈરવત, ક્ષેત્રમાં નથી.

**(ચ) એક જ શબ્દમાં જવાબ લખો :**

(૧) કેવલી ભગવાનને ક્યું ચારિત્ર હોય ?

જવાબ : (ચ) (૧) કેવળી ભગવાનને યથાખ્યાત ચારિત્ર જ હોય.

(૨) છેલ્લે ઉત્કૃષ્ટ ૧૭૦ તીર્થંકર ક્યારે થયા હતા ?

જ. (૨) બીજા તીર્થંકર શ્રી અજીતનાથ સ્વામીના સમયમાં ઉત્કૃષ્ટ તીર્થંકર ૧૭૦ થયા હતા.

(૩) આહારના દોષ અને સાધુના આચાર કેટલા ?

જ. (૩) આહારના દોષ ૪૨-૪૭-૯૬ દોષ, સાધુના ૫૨ અનાચાર છે.

(૪) ૮૪ લાખ જીવાયોનિને સમાવતો પ્રતિક્રમણનો કયો શબ્દ છે ?

**જ. (૪) ૮૪ લાખ યોનિને સમાવતો શબ્દ : સવ્વ પાણ ભૂય જીવ સત્તાણં.**

(૫) સિધ્ધોની સંખ્યા કેટલી છે ?

**જ. (૫) અનંતા સિધ્ધ ભગવંતો છે.**

(૬) ચાર ગતિમાંથી કઈ ગતિના જીવો મોક્ષમાં જઈ શકે ?

**જ. (૬) ચાર ગતિમાંથી મનુષ્ય ગતિના જીવો જ મોક્ષમાં જાય છે.**

(૭) અરિહંતની ગેરહાજરીમાં તેમના પ્રતિનિધિ કોણ છે ?

**જ. (૭) અરિહંતના પ્રતિનિધિ ગણધર છે.**

(૮) સર્વાર્થ સિદ્ધથી સિદ્ધ વચ્ચેનું અંતર કેટલું છે ?

**જ. (૮) સવાર્થસિદ્ધથી સિદ્ધનું અંતર ૧૨+૮ યોજનની જાડાઈ ૨૦ યોજન ઝાંઝેરું છે.**

---

**પ્ર. : ૨. દંડકના આધારે પ્રશ્નોના ઉત્તર લખો (કોઈ પણ છ) :**

**(ક)** (૧) આહારક શરીર કયા કારણોથી બનાવાય છે ?

**જવાબ (ક) (૧) તીર્થંકર દેવાધિદેવની ઋદ્ધિ જોવા. ૨) મનની અંદર ઉત્પન્ન થયેલ સંશયને ટાળવા (૩) જીવદયા માટે (૪) શાસ્ત્રના સૂક્ષ્મ અર્થનો બોધ પામવા આહારક શરીર બનાવે.**

(૨) નપુંસક વેદવાળા દંડક કેટલા ? કયા કયા ?

**જ. (૨) નપુંસક વેદવાળા દંડક - ૧૧ (૧ નારકીનો + ૫ એકેન્દ્રિયના + ૩ વિકલેન્દ્રિયના + ૧ તિ પંચેન્દ્રિયના + ૧ મનુષ્યનો.**

(૩) પાંચે સ્થાવરનો ઉપયોગ દ્વારા લખો.

**જ. (૩) પાંચ સ્થાવરનો ઉપયોગ દ્વાર : પાંચ એકેન્દ્રિયમાઅં ઉપયોગ ત્રણ ૧) મતિઅજ્ઞાન ૨) શ્રુત અજ્ઞાન ૩) અચક્ષુ દર્શન,**

(૪) સર્વાર્થસિદ્ધ વિમાનના દેવના વેદ, દૃષ્ટિ અને લેશ્યા લખો.

**જ. (૪) સર્વાર્થ સિદ્ધ વિમાનના દેવમાં વેદ - ૧ પુરુષવેદ, દૃષ્ટિ - ૧, સમકિત દૃષ્ટિ, લેશ્યા - ૧ પરમ શુક્લ લેશ્યા.**

(૫) સંમૂર્ચ્છિમ મનુષ્યનો ઉપજવાનો અને ચવણ દ્વાર લખો.

**જ. (૫) સંમૂર્ચ્છિમ મનુષ્યનો ઉપજ : ચવણ દ્વાર : એક સમયમાં જ, ૧, ૨, ૩ જીવ સંખ્યાતા ઉત્કૃષ્ટ અસંખ્યાત ઉપજે અને તે જ પ્રમાણે ચ્યવે.**

(૬) વાયુકાયનો આહાર દ્વાર લખો.

**જ. (૬) વાયુકાયનો આહાર દ્વાર : અલોકની દિશાઓનો વ્યાઘાત પડે તો ત્રણ દિશાનો, ચાર દિશાનો, પાંચ દિશાનો આહાર લે ને વ્યાઘાત ન પડે તો છ દિશાનો આહાર લે. ૩ પ્રકારનો આહાર લે, ૧) સચિત ૨) અચિત ૩) મિશ્ર આહાર લે.**

(૭) ૨૪ દંડકનો ગતિ દ્વાર લખો.

**જ. (૭) ૨૪ દંડકનો ગતિ દ્વાર : પાંચ ગતિમાં જીવ જીય તે. ૧) નરકગતિ ૨) તિર્યંચ ગતિ ૩) મનુષ્યગતિ ૪) દેવગતિ, ૫) સિદ્ધગતિમાં તથા ૨૪ દંડકમાં જાય.**

**(ખ) વ્યાખ્યા લખો – કોઈ પણ ચાર :**

(૧) મનઃ પર્યવજ્ઞાન ૨) સમુદ્ઘાત ૩) સમચતુરસ્ત્ર સંસ્થાન ૪) તેજો લેશ્યા ૫) દંડક

**જવાબ : (ખ) (૧) મનઃ પર્યવજ્ઞાન : મનઃ પર્યવ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપક્ષમથી અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી જીવોના મનના ભાવોને જાણનારું જે જ્ઞાન તે મનઃ પર્યવજ્ઞાન.**

**જ. (૨) સમુદ્ઘાત : સમ = એકી ભાવે, એકાગ્ર થઈને, એકમેક થઈને ઉદ્પ્રબળતાથી ઘાત = નિર્જરા સમુદ્ઘાત એટલે મૂળ શરીરને છોડ્યા વિના કર્મ પુદ્ગલોથી વ્યાપ્ત પોતાના આત્મપ્રદેશોને શરીર અવગાહનાની બહાર કાઢીને કર્મની નિર્જરા કરવાની પ્રક્રિયા બને છે.**

**જ. (૩) સમચતુરસ્ર સંસ્થાન : પગથી માથા સુધી શોભાયમાન શરીર પલાંઠી વાળી બેસતાં ચારે બાજુ સરખી આકૃતિ થાય.**

**જ. (૪) તેજો લેશ્યા : અહંકાર રહિત, નમ્ર, માયારહિત, વિનયભક્તિ કરે, પ્રિયધર્મી, દ્રઢધર્મી ઈન્દ્રિયનું દમન કરે, સ્વાધ્યાયી હોય.**

**જ. (૫) દંડક : જ્યાં જીવ ઉત્પન્ન થઈને કર્મનો દંડ ભોગવે તેને દંડક કહે છે અથવા તે તે પ્રકારના જીવોના સમૂહને ઓળખવાની સંજ્ઞાને દંડક કહે છે.**

**(ગ) માત્ર આંકડામાં (સંખ્યામાં) જવાબ આપો :**

૧) સંજ્ઞી તિર્યંચના શરીર ૨) મહાશુક્ર દેવલોકના દેવની ઉ.સ્થિતિ
૩) દેવકુરુના મનુષ્યના યોગ ૪) સંમૂર્ચ્છિમ મનુષ્યમાં ઉપયોગ ૫) તેઉકાયની લેશ્યા
૬) જુગલિયાની દૃષ્ટિ (૩૦ અકર્મભૂમિની) ૭) સ્ત્રીવેદના દંડક ૮) સિદ્ધમાં દર્શન

**જ. (ગ) ૧) સંજ્ઞી તિર્યંચના શરીર = ૦૪ ૨) મહાશુક્ર દેવલોકના દેવની ઉ.સ્થિતિ = ૧૭સાગરોપમ**

**જ. ૩) દેવકુરુના મનુષ્યના યોગ = ૧૧ ૪) સંમૂર્ચ્છિમ મનુષ્યમાં ઉપયોગ = ૦૪**

**જ. ૫) તેઉકાયની લેશ્યા = ૦૩ ૬) જુગલિયાની દૃષ્ટિ (૩૦ અકર્મભૂમિની) = ૦૨**

**જ. ૭) સ્ત્રીવેદના દંડક = ૧૫ ૮) સિદ્ધમાં દર્શન = ૦૧**

**(ઘ) ખાલી જગ્યા પૂરો :**

**જવાબ :** (૧) તેજસ સમુદ્ઘાત **૧૫** દંડકમાં હોય છે.

જ. (૨) ભદ્રેના દેવની ઉ. સ્થિતિ **૨૩** છે.

જ. (૩) સંજ્ઞી સ્થળચરનું ઉત્કૃષ્ટ આયુષ્ય **ત્રણ પલ્યનું** છે.

જ. (૪) રિઠા નારકીની ઉત્કૃષ્ટ અવગાહના **સવાસો ધનુષ્યની** છે.

જ. (૫) માખીની ઉત્કૃષ્ટ સ્થિતિ **છ માસની** છે.

જ. (૬) પાંચ એકેન્દ્રિયના પર્યાપ્તામાં **મિથ્યાત્વ** દષ્ટિ હોય છે.

**(ચ) અમને ઓળખો :**

(૧) અમે અસંઘયણી છીએ.

જવાબ (ચ) **(૧) દેવતા નારકી**

(૨) અમારે એક સમકિત દષ્ટિ છે.

જ. **(૨) પાંચ અનુત્તર વિમાનના દેવો**

(૩) કવલ આહાર ફક્ત અમારા શરીરવાળા જ લે છે.

જ. **(૩) ઔદારિક શરીરવાળા**

(૭) અમારે એક વજ્રઋષભનારાચ સંઘયણ જ હોય છે.

(૪) અમારે ફક્ત મિથ્યાત્વ દષ્ટિ છે.

**(૪) પાંચ એકેન્દ્રિય, વિકલેન્દ્રિયના પર્યાપ્તા**

(૫) અમારી ગતિ નથી

**(૫) સિદ્ધના જીવોની**

(૬) અમારો એક જ દંડક અલેશી છે.

**(૬) ૧ મનુષ્યનો (સિદ્ધની અપેક્ષાએ)**

**(૭) જુગલિયા મનુષ્યને**

**પ્ર. : ૩. (ક) કાળનું માપ અને અવગાહનાની સમજણ**

(૧) આંગુલના પ્રકાર કેટલા છે? કયા કયા ?

**જ. ૩ : (ક) (૧) આંગુલના ૩ પ્રકાર ૧) આત્મ આંગુલ ૨) ઉત્સેધ આંગુલ ૩) પ્રમાણ આંગુલ**

(૨) કાળનું માપ કયા કયા સૂત્રમાં બતાવેલ છે?

જ. **(૨) કાળનું માપ ભગવતી સૂત્ર, જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિસૂત્ર અને અનુયોગ દ્વારા સૂત્ર બતાવેલ છે.**

(૩) સમય કોને કહેલ છે.

જ. **(૩) જૈન દર્શનમાં કાળના સૂક્ષ્મમાં સક્ષ્મ વિભાગને ''સમય'' કહેલ છે. જેના બે વિભાગ થઈ શકે નહીં તેને સમય કહે છે.**

**(ખ) એક શબ્દમાં જવાબ લખો (વાક્ય પૂર્ણ કરો) :**

(૧) મુહૂર્ત કરતાં કાંઈક પણ ઓછો કાળ એટલે = ...........

**જવાબ : (ખ) (૧) મુહૂર્ત કરતાં કાંઈક પણ ઓછો કાળ એટલે અંતમુહૂર્ત.**

(૨) ૧ કરોડ × ૧ કરોડ = ...........

જ. **(૨) ૧ કરોડ × ૧ કરોડ = ૧ ક્રોડાક્રોડ**

(૩) ચાર હાથ બરાબર = ...........

જ. **(૩) ચાર હાથ બરાબર = ૧ ધુનષ્ય (૯૬ આંગુલ ૮ વેંત)**

(૪) બે સમયથી ૯ સમય સુધીનો કાળ = ...........

જ. **(૪) બે સમયથી ૯ સમય સુધીનો કાળ = જઘન્ય અંતમુહૂર્ત.**

---

**પ્ર. : ૪. ૩૨ અસજ્ઝાયની સમજણ**

(૧) કાલિક સૂત્રો તેમજ ઉત્કાલિક સૂત્રોની સંખ્યા કેટલી છે ? ચાર ઉત્કાલિક સૂત્રના નામ લખો.

**જવાબ : ૪ (૧) કાલિક સૂત્રો ૨૩ છે. ઉત્કાલિક સૂત્રો ૯ છે. ૧) ઉવવાઈ ૨) રાય-પસેણી ૩) જીવાભિગમ ૪) પ્રજ્ઞાપના ૫) સૂર્યપ્રજ્ઞપ્તિ ૬) દશવૈકાલિક .**

(૨) ઔદારિક શરીર સંબંધીઃ- ચંદ્રોપરાગ, પતન, રાજવ્યુદ્ગ્રહ અશુચિ સામન્ત અસજ્ઝાયની સમજણ લખો

જ. **(૨) ઔદારિક શરીર સંબંધી : ૧) ચંદ્રોપરાગ - ચંદ્રગ્રહણની અસજ્ઝાય, ખંડગ્રહણમાં ૮ પ્રહર, પૂર્વગ્રહણમાં ૧૨ પ્રહર અસજ્ઝાય.**

**૧) સમજણ :** ચંદ્રગ્રહણ પૂનમની રાત્રે થાય છે જેથી જે પૂનમે થવાનું હોય તે સૂર્યાસ્તથી જ અસજ્ઝાય ગણાય છે.

**૨) પતન (રાજમરણ) : રાજાનું અવસાન થતાં નવો રાજા ઘોષિત ન થાય ત્યાં સુધી.**

**૩) રાજવ્યૂહગ્રહ : યુદ્ધ સ્થાનકે રણભૂમિની નજીક, યુદ્ધ ચાલે ત્યાં સુધી અસજ્ઝાય.**

**૪) અશુચિ સામન્ત : અશુચિની દુર્ગંધ આવે કે દેખાય ત્યાં સુધી અસજ્ઝાય.**

(૩) આકાશ સંબંધીઃ બીજી, પાંચમી, સાતમી, નવમી અસજ્ઝાયના નામ લખો અને કોઈ પણ એકની સમજણ લખો.

જ. **(૩) આકાશ સંબંધી : નામ ૨) દિગ્દાહ ૫) નિર્ઘાત ૭) યક્ષાદીપ્ત**

**૯) મિહિકા સમજણ :**

**દિગ્દાહ : જ્યાં સુધી દિશા લાલ વર્ણની દેખાય ત્યાંસુધી અસજ્જાય. ક્યારેક એક દિશામાં નગર બળતું હોય તેમ અકાશવર્તી ઉદ્યોત દિગ્દાહ કહેવાય.**

**નિર્ઘાત : - ૮ પ્રહર સુધી અસજ્ઝાય**

**સમજણ : વાદળા સહિત કે વાદળા રહિત આકાશમાં વ્યંતર વડે કરાયેલ મહાદ્વનિ, મોટો કડાકો થાય તે નિર્ઘાત છે.**

**૭) યક્ષાદીપ્ત : જ્યાંસુધી દેખાય ત્યાં સુધી.**

**સમજણ : આકાશમાં ચમકતાં કે નાચતા યક્ષનું ચિન્હ્ જેવું દેખાય અથવા યક્ષના પ્રભાવથી પ્રકાશિથ અગ્નિ દેખાય તે દેવૃકત માનવામાં આવે છે.**

**૯) મિહિકા : સફેદ ધુમ્મસ મિહિકા કહે છે. તે કરાં આદિ પડે તો જ્યાં સુધી રહે ત્યાં સુધી અસજ્ઝાય.**

(૪) કાળ સંબંધી ૨૧ થી ૨૮ અસજ્ઝાયના નામ લખો.

**જ. (૪) કાળ સંબંધી ૨૧ થી ૨૮ અસજઝાયના નામ : અષાઢ સુદ પૂનમ અને વદ એકમની, આસો સુદ પૂનમ અને વદ એકમની, કાતરક સુદ પૂનમ અને વદ એકમની અને ચૈત્ર સુદ પૂનમ અને વદ એકમની દિવસ અને રાત્રિની અસજઝાય.**

(૫) **યોગ્ય જોડકાં ગોઠવો :**

| | | | **જવાબ** | અ | | બ |
|---|---|---|---|---|---|---|
| ઉલ્કાપાત | = | રાત્રિનો પ્રથમ પ્રહર સુધી | **જવાબ :** | ઉલ્કાપાત | = | ૧ પ્રહર સુધી |
| વિદ્યુત | = | ૧ મુહૂર્ત સુધી | | વિદ્યુત | = | બે ઘડી સુધી |
| પ્રભાત | = | બે ઘડી સુધી | | પ્રભાત | = | ૧ મુહૂર્ત સુધી |
| યૂપક | = | ૧ પ્રહર સુધી | | યૂપક | = | રાત્રિનો પ્રથમ પ્રહર સુધી |

---

## પ્ર. : ૫. મોક્ષમાર્ગ આરાધના :

(૧) આત્માના ગુણોનું પોષણ કેવી રીતે કરીશું ?

**જવાબ : ૫ (૧) સંવર, સામાયિક, પૌષધ, સંવર પૌષધ, ગોચરી, દયા વગેરે શિક્ષા વડે આત્માના ગુણોનું પોષણ કરીશું.**

(૨) ધર્મને ક્યાં ક્યાં ઘૂટવો ?

**જ. (૨) પોતાની વૃત્તિ, વચન અને વર્તનમાં ધર્મને ઘૂંટવો.**

(૩) કર્મબંધનના કારણો કયા કયા છે ?

**જ. (૩) રાગ-દ્વેષ, આરંભ-પરિગ્રહ, વિષય-કષાયના સેવન વડે કર્મ બંધાય છે.**

(૪) વિગય કેટલાં છે ? કયા કયા ?

**જ. (૪) વિગય છ છે. ઘી-તેલ, દૂધ-દહીં, ગોળ-સાકર વગેરે.**

(૫) ખાલી જગ્યા પૂરો :

**જ.** ૧) અરિહંત ભગવાને ભવ્ય જીવો પર **કરૂણા કરી** મોક્ષ પ્રાપ્તિનો ઉપાય બતાવ્યો છે.

**જ.** ૨) નારકી તો દુઃખી જ છે, પરંતુ **દેવલોકના દેવો** પણ દુઃખી છે.

---

## પ્ર. : ૬. કથાના આધારે નીચેના વાક્યો કોણ બોલે છે ?

**(ક)** (૧) ''એક મુક્કાથી વૃક્ષના ફળ પાડી દેવાવાળા, તારું બધું બળ ક્યાં ચાલી ગયું ?'' **જવાબ :** વિશાખાનંદી.

(૨) ''શ્રમણ ધર્મ મેરુ પર્વતનો ભાર ઉપાડવા સમાન છે.'' **જવાબ :** મરીચિ.

(૩) ''ઉદ્યાન ખાલી થવા પર વિશાખાનંદી ત્યાં જઈ જ શકવાનો છે.'' **જવાબ :** વિશાખા ભૂતિ

(૪) ''શું તમારી પાસે સાચો ધર્મ નથી ?'' **જવાબ :** કપિલ

**(ખ) પ્રશ્નોના ઉત્તર લખો**

(૧) ભગવાન મહાવીરના છદ્મસ્થપણાના ઉપવાસ કેટલા ? પારણા કેટલાં ?

**જ. (૧) ભ. મહાવીરના છદ્મસ્થપણાના ઉપવાસ : ૪૧૬૬ પારણા = ૩૪૯**

(૨) ભગવાન મહાવીરે ચક્રવર્તી અને વાસુદેવની પદવી કેટલામા અને કયા ભવે પ્રાપ્ત કરી ?

**જ. (૨) ભ. મહાવીર ચક્રવર્તી પદ = ૨૩મા ભવે ''પ્રિય મિત્ર ચક્રવર્તી''.**

(૩) ભગવાન મહાવીરના મુખ્ય સાધુ-સાધ્વી, પ્રથમ શ્રાવક-શ્રાવિકાનું નામ લખો.

**જ. (૩) ભ. મહાવીર મુખ્ય સાધુ = ગૌતમ, મુખ્ય સાધ્વી = ચંદનબાળા**

(૪) ભગવાન મહાવીરને ઉપસર્ગ આપનાર : મિથ્યાત્વીદેવ, વ્યંતરી દેવીનું નામ લખો.

**જ. (૪) ભગવાનને ઉપસર્ગ આપનાર = સર્પ = ચંડકૌશિક, મિથાત્વીદેવ = સંગમ, વ્યંતરી દેવી = કટપૂતના**

(૫) ભગવાન મહાવીરના પ્રથમ -દ્વિતીય માતા-પિતા અને નગરીનું નામ લખો.

**જ. (૫) ભગવાનના પ્રથમ પિતા = ઋષભદત્ત, માતા = દેવાનંદા**
**નગરી = બ્રાહ્મણકુંડ**
**ભગવાન દ્વિતીય પિતા = સિદ્ધાર્થ, માતા = ત્રિશલા, નગરી = ક્ષત્રિયકુંડ**

**(ગ) સંબંધ લખો (ઓળખો) :**

ઋષભદેવ = મરીચિ — રિપુમર્દન = ત્રિપૃષ્ઠ વાસુદેવ

**જ. દાદા – પૌત્ર — પિતા–પુત્ર,**

મરીચિ = કપિલ — સમરવીર = વર્ધમાન

જ. **ગુરુ - શિષ્ય — સસરા - જમી**

---

## પ્ર. : ૭. કાવ્ય પૂર્ણ કરો :

**જવાબ**

(૧) **ઉચ્ચૈર શોક - તરુ - સંશ્રિત મુન્મયુખ-**
**માભાતિ રૂપ મમણે ભવતો નિતાન્તમ્ ।**
**સ્પષ્ટોલ્લ સત્-કિરણ-મસ્ત તમો-વિતાનં**
**બિમ્બં રવેરિવ પયોધર પાર્શ્વધર્મિ ॥૨૮**

(૨) **મન્યે વરં હરિ-હરાદય એવ દષ્ટા-**
**દષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ ।**
**કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ**
**કશ્ચન્મને-હરતિ નાથ ! ભવાન્તરૂપિ ॥**

(૩) **સમ્પૂર્ણ મંડલ - શશાંક - કલાક -કલાપ**
**શુભ્રા ગુણસ્ત્રિ ભુવનં તવ લંઘયન્તિ ।**
**યે સંશ્રિતા સ્ત્રિ જગદીશ્વર નાથમેકં**
**કસ્તાન્ - નિવારયતિ સંચરતો - યથેષ્ટમ્**

(૪) **ત્વત્ સંસ્તવેન ભવ - સંતતિ- સન્નિબદ્ધં**
**પાપં ક્ષણાત્ - ક્ષયમુપૈતિ શરીરભાજામ ।**
**આક્રાન્તલોક - મલિ - નીલમ શેષમાશુ**
**સૂર્યાસુ - ભિન્નમિવ શાર્વર મન્ધકારમ્ ॥**

**॥ જય જિનેન્દ્ર ॥**